# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 16-04-2025** **Morning : 7.10 to 7.20**
**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **નિકિતા શાહ** વાંચે છે.

---

1. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઉનાળા દરમિયાન લોકોને પીવાનું પૂરતું પાણી મળે તે સુનિશ્ચિત કરવા દિશા-નિર્દેશ આપ્યા.**
2. **ગાંધીનગરમાં મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં આજે મંત્રીમંડળની બેઠક યોજાશે.**
3. **કૉંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી આજે અરવલ્લીથી સંગઠન સર્જન અભિયાનનો આરંભ કરાવશે.**
4. **અમદાવાદમાં ટ્રાફિકની સમસ્યા દૂર કરવા A.I. ટેક્નોલૉજીનો ઉપયોગ કરાશે.**
5. **કચ્છ, બનાસકાંઠા , સાબરકાંઠા અને રાજકોટમાં આજે હિટવેવની આગાહી.**

--------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# AMRELI MODEL FARM

અમરેલી જિલ્લામાં ગત બે વર્ષમાં પ્રાકૃતિક ખેતીના 260 આદર્શ ખેતર એટલે કે મોડલ ફાર્મ બનાવાયા છે. આ માટે ખેડૂતોને 35 લાખ 10 હજાર રૂપિયાની સહાય આપવામાં આવી છે.

આત્મા પ્રોજેકટ, અમરેલી જિલ્લા નાયબ નિયામક મહેશ ઝીડે જણાવ્યું, જિલ્લામાં પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધે તે માટે સતત પ્રયાસ થઈ રહ્યા છે. ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અંગે સમજણ મળે તે માટે અવારનવાર આદર્શ ખેતરની મુલાકાત કરાવાય છે. દરમિયાન તેમને પ્રશ્નોનું સમાધાન પણ મળે છે . આદર્શ ખેતરનો દરજ્જો એ પ્રાકૃતિક ખેતીનો આધારસ્તંભ છે.

---

# CM BETHAK

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં ઉનાળા દરમિયાન પીવાના પાણીના આયોજનની સમીક્ષા કરી હતી. ગાંધીનગરમાં ગઈકાલે યોજાયેલી ઉચ્ચ-સ્તરીય બેઠકમાં શ્રી પટેલે આ માટે પાણી પૂરવઠા વિભાગ , જળસંપત્તિ વિભાગ અને સરદાર સરોવર નર્મદા નિગમ ત્રણેયના સંકલનથી લોકોને પીવાનું પૂરતું પાણી મળે તે સુનિશ્ચિત કરવાના દિશા-નિર્દેશ આપ્યા હતા.

આ ઉપરાંત પાણી પૂરવઠાની સ્થિતિ પર દેખરેખ રાખવા ગાંધીનગરમાં 24 ગુણ્યા સાત કન્ટ્રોલ રૂમ અને એક , નવ, એક, છ ટોલ-ફ્રી નંબર કાર્યરત્ કરાયો છે.

સાથે જ તેની અને હેન્ડ પમ્પ સમારકામ માટે 119 જેટલી ટુકડી નિયુક્ત કરવામાં આવી હોવાનું અગ્રસચિવ શાહમીના હુસેને બેઠકમાં જણાવ્યું હતું.

શ્રી પટેલ સમક્ષ રજૂ કરાયેલા પ્રેઝન્ટેશનમાં રાજ્યના જળાશયોની હાલની સ્થિતિ તેમજ પાણી પૂરવઠા વિભાગ દ્વારા લોકોને સરળતાથી પીવાનું પાણી મળી રહે તે માટેની કામગીરીનું વિવરણ અપાયું હતું.

---

# NARMADA PARIKRAMA

ઉત્તરવાહિની પંચકોશી નર્મદા પરિક્રમામાં આવતા ભક્તોની સુવિધા માટે ડૉમ, બેઠક વ્યવસ્થા, નાવડી સહિતની સુવિધાઓ વધારવા આયોજન કરાયું છે.

જિલ્લા કલેક્ટર એસ. કે. મોદીએ ગઈકાલે રણછોડરાય મંદિર ખાતે બેઠક યોજી પીવાના પાણી , સાફ-સફાઈ, વધારાના પોલીસ કર્મચારીઓ સિવાય ભંડારા અને પાર્કિંગ સુવિધા વધારવા સૂચના આપી હતી. આ તમામ વ્યવસ્થા આવતીકાલ સુધીમાં પૂર્ણ કરવા જણાવ્યું છે અને તેનું નિરીક્ષણ પણ કરાશે, તેમ જિલ્લા કલેક્ટર એસ. કે. મોદીએ જણાવ્યું હતું.

**(બાઈટ- એસ. કે. મોદી, કલેક્ટર)**

---

# CM CABINET

ગાંધીનગરમાં આજે મંત્રીમંડળની બેઠક યોજાશે. ગાંધીનગરના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાનારી આ બેઠકમાં સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાત સહિત રાજ્ય માં પીવાના પાણી, રાજ્ય સરકારના આગામી આયોજનો અને નીતિગત વિષયો અંગે સમીક્ષા કરાય તેવી શક્યતા છે. આ ઉપરાંત રાજ્યમાં નવા જંત્રી દર અંગે પણ બેઠકમાં ચર્ચા થઈ શકે છે.

---

# CM BOOK LOKARPAN

ગાંધીનગરમાં આજે સાંજે લેખિકા ડૉ. ખ્યાતિ પુરોહિત શાહના પુસ્તક 'મુઝ મેં મિથિલા બસ ગયા ' મિથિલાંચલ ડાયરીનો લોકાર્પણ કાર્યક્રમ યોજાશે, જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે. સેક્ટર 10ના ગુજરાત વિધાનસભા પરિસરમાં સ્વર્ણિમ સંકુલ એકના નર્મદા સભાખંડ ખાતે સાંજે છ વાગ્યે આ કાર્યક્રમ યોજાશે.

---

# JIVAMRUT

રાજ્ય સરકારની પ્રાકૃતિક ખેતી આત્મા પ્રોજેકટ યોજના બનાસકાંઠાના ખેડૂત માટે લાભદાયી બની છે. આ અંગે બનાસકાંઠાના લીલાધર ગામના ખેડૂત ગોરમભાઈ ચૌધરીએ પ્રતિક્રિયા આપી.

## બાઈટ - ગોરમભાઈ ચૌધરી - ખેડૂત

---

# RAHUL GANDHI ARVALLI

કૉંગ્રેસના સાંસદ અને વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી આજે અરવલ્લીના મોડાસામાં પક્ષના સંગઠન સર્જન અભિયાનનો આરંભ કરાવશે. મળતી માહિતી મુજબ , શ્રી ગાંધી મોડાસા બાયપાસ માર્ગ પર આવેલા B.A.P.S. સ્વામિનારાયણ મંદિર સભાખંડ ખાતે આજે સવારે જિલ્લાના એક હજાર 200 બૂથ કાર્યકર્તાઓ સાથે સીધો સંવાદ કરશે. કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધીના કાર્યક્રમને લઈ જિલ્લા પોલીસ તંત્ર દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

રાજ્યમાં કૉંગ્રેસના સંગઠનને મજબૂત કરવા શ્રી ગાંધી ગઈકાલથી બે દિવસ ગુજરાતની મુલાકાતે આવ્યા છે. તેમણે ગઈકાલે 40 જેટલા જિલ્લા નિરીક્ષક સાથે વાતચીત કરી હતી. આ ઉપરાંત દરેક જિલ્લામાં કૉંગ્રેસનું વ્યવસ્થિત કાર્યાલય બનાવવા પર પણ ચર્ચા કરી હતી.

---

# TRAFFIC AI TECHNOLOGY

અમદાવાદમાં ટ્રાફિકની સમસ્યા દૂર કરવા કૃત્રિમ બુદ્ધિમત્તા- A.I. ટૅક્નોલૉજીનો ઉપયોગ કરાશે. એટલે વાહનચાલકોએ સિગ્નલ પર ઊભું નહીં રહેવું પડે. અમદાવાદ મહાનગરપાલિકાના સ્થાયી સમિતિના અધ્યક્ષ દેવાંગ દાણીએ આ નિર્ણય અંગે જણાવ્યું કે , શહેરના તમામ ટ્રાફિક સિગ્નલ પર A.I. ટૅક્નોલૉજીના ઉપયોગના ભાગરૂપે નવી એડેપ્ટીવ ટ્રાફિક કન્ટ્રોલ સિસ્ટમ લાગુ કરાશે. હાલમાં

400 જેટલા ટ્રાફિક સિગ્નલ પર આ સિસ્ટમ કાર્યરત્ રહેશે. આ સિસ્ટમ માર્ગ ઉપર વાહનોની અવરજવર વધારે કે ઓછી હશે એ રીતે લાલ અને લીલી લાઈટ થશે.

આ તમામ સિગ્નલ પર સિસ્ટમ લગાવ્યા બાદ એક જ સર્વર સાથે જોડવામાં આવશે. આ કામગીરી માટે મહાનગરપાલિકા દ્વારા કન્સલટન્ટ એજન્સીની નિમણૂક કરવામાં આવી છે.

---

# AMC DARODA

અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા ગત એક મહિનામાં શહેરની 15 ડેરી અને ગોડાઉનમાં દરોડા પાડવામાં આવ્યા હતા. દરમિયાન મળે   લા શંકાસ્પદ પનીરના નમૂના નિષ્ફળ જતાં તમામના પરવાના- લાઈસન્સ રદ કરી ધંધો બંધ કરવાની નોટિસ આપવામાં આવી છે. દરમિયાન પાંચ જેટલા એકમ સીલ કરાયા છે.

અમદાવાદના અમારા પ્રતિનિધિ જણાવે છે     ,  મહાનગરપાલિકા દ્વારા 29 માર્ચથી 12 એપ્રિલ સુધીમાં 249 જેટલા વિવિધ નમૂના લેવાયા છે. જ્યારે 895 જેટલા વિવિધ ખાદ્ય એકમોને તપાસી 262 નોટિસ આપવામાં આવી છે. તેમજ 599 લિટર અખાદ્ય જથ્થાનો નાશ કરી 3 લાખ 34 હજાર રૂપિયાનો દંડ વસૂલ કરાયો છે.

---

# WEATHER

હવામાન વિભાગે આજે કચ્છ , બનાસકાંઠા, સાબરકાંઠા અને રાજકોટમાં યલો

અલર્ટ સાથે હિટવેવની આગાહી કરી છે. દરમિયાન અમદાવાદ અને ગાંધીનગરમાં તાપમાન 42 ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહે તેવી શક્યતા છે. આ ઉપરાંત આગામી સાત દિવસ રાજ્યનું વાતાવરણ શુષ્ક રહી શકે છે તેમ હવામાન વિભાગના નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું હતું.

**(બાઈટઃ ડૉ. એ. કે. દાસ)**

ગત 24 કલાકમાં રાજ્યમાં સૌથી વધુ 44 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન કંડલા હવાઈમથક પર નોંધાયું હતું. જ્યારે અમદાવાદ , ગાંધીનગર અને સુરેન્દ્રનગરમાં મહત્તમ તાપમાન 43 ડિગ્રી સેલ્સિયસે પહોંચ્યું છે. આ ઉપરાંત ભાવનગર અને રાજકોટમાં 42 ડિગ્રી તેમજ આ સિવાયના જિલ્લા અને શહેરોમાં મહત્તમ તાપમાન 41 ડિગ્રી અને તેનાથી ઓછું રહ્યું હતું.

---

# APPEAL FOR CAUTION IN THE HEAT

અરવલ્લી જિલ્લા તંત્ર દ્વારા ગરમીને જોતા લોકોને કામ સિવાય ઘરની બહાર ન નીકળ વા, વરિષ્ઠ નાગરિકો, બાળકો તેમજ સગર્ભા મહિલાઓને સાવધાની રાખવા અપીલ કરવામાં આવી છે. આ અંગે ધનસુરાનાં સામુદાયિક આરોગ્ય કેન્દ્ર - સી.એચ.સી.નાં આરોગ્ય અધિકારી ડૉ. પ્રતિક્ષા ડામોરે માહિતી આપી.

**બાઈટ - ડો.પ્રતીક્ષાબેન ડામોર** (મેડીકલ ઓફિસર,ધનસુરા સી.એચ.સી)

---